| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૨૩/૦૩/૨૦૨૨ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૫૨૫/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૨/૦૩/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૩૨ | ૦ | ૧૩૨ | ૪૦૯ | ૦ | ૪૦૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૬૮૫ | ૦ | ૧૦૦૬૮૫ | ૧૦૯૫૮૭ | ૦ | ૧૦૯૫૮૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૯ | ૪,૭૧,૯૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૩ | ૨૩,૦૦૦/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## શહેરકોટડા પોલીસ સ્ટેશન :

## મેઘાણીનગર પોલીસ સ્ટેશનના વ્હિકલ ચોરીના ગુનાના આરોપીને મુદ્દામાલ સાથે પકડી પાડતી શહેરકોટડા પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડ

પોલીસ કમિશ્નર.શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા સંયુક્ત પોલીસ કમિ.શ્રી આર.વી.અસારી સાહેબશ્રીની સુચનાથી ઈ.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ વિજયકુમાર પટેલ સાહેબ તથા એ.સી.પી.શ્રી હીતેષ ધાંધલીયા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી કે.બી.સાંખલા સાહેબ તથા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી.બી.ડાભી સાહેબ નાઓની સુચના આધારે મીલ્કત સબંધી ગુનાઓ શોધવા તેમજ અટકાવવા સારૂ સર્વેલન્સ સ્કોડના પોલીસ સબ ઈન્સ. એચ.એમ.આહીર તથા સાથેના અ.મ.સ.ઈ પ્રકાશભાઈ કીરણચંદ્ર તથા અ.મ.સ.ઈ રામસિંહ જુજારસિંહ બ.નં.૮૨૦૨ તથા અ.હે.કો. રણજીતસિંહ રામસિંહ બ.નં.૭૫૨૦ તથા અ.પો.કો સંદીપસિંહ જનકસિંહ બ.નં.૪૭૭૬ તથા અ.પો.કો. નીમેશકુમાર જયંતીભાઈ બ.નં.૭૨૧૨ તથા અ.પો.કો મયંકકુમાર રમેશભાઈ બ.નં.૯૦૩૮ તથા અ.પો.કો સાગર રાકેશભાઈ બ.નં.૬૩૪૫ તથા અ.પો.કો પ્રીતેશભાઈ શૈલેષભાઈ બ.નં.૯૦૩૭ તથા અપો.કો આનંદકુમાર મંગળદાસ બ.નં.૫૧૬૦ તથા અ.લો.ર મનોજકુમાર ગોપાલભાઈ બ.નં.૧૨૮૦૧ એ રીતેના સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન અ.પો.કો મયંકકુમાર રમેશભાઈ બ.નં.૯૦૩૮ નાઓની બાતમી હકીકત આધારે ચામુંડા બ્રીજ ખાતે વોચ ગોઠવી આરોપી નામે વિવેક સ/ઓ રામશરણ રાજામોહન કોરી ઉ.વ.૨૧ હાલ રહે-વણજારાના ડહેલા પાસે ગુપ્તાનગર લાઈન નં.૯ પ્રેમનગર મેમ્કો અમદાવાદ શહેર મુળ વતન-ગામ.અયોધ્યા, તા.ફૈજાબાદ, જી.લખનૌ (ઉત્તરપ્રદેશ) નામે મેઘાણીનગર પોલીસ સ્ટેશન પાર્ટ-એ.ગુ.ર.ન.૧૧૧૯૧૦૩૩૨૨૦૧૬૨/૨૦૨૨ ધી ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબના કામે ચોરીમાં ગયેલ આગળ પાછળ નંબર પ્લેટ નથી જેનો એંજીન ન.HA10EVGHD62860 ચેચીસ નં.MBLHA10BSGHD59291 નો છે જેની કિ.રૂ.૨૫,૦૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે મળી આવતા ઉપરોક્ત આરોપીને તા.૨૦/૦૩/૨૦૨૨ ના કલાક ૧૬/૫૦ વાગે સી.આર.પી.સી કલમ ૪૧(૧)ડી મુજ્બ અટક કરી આગળની વધુ તપાસ અર્થે આરોપી, મુદ્દામાલ તથા કરેલ તપાસના કાગળો મેઘાણીનગર પોલીસ સ્ટેશન સોંપવાની તજવીજ કરવામા આવેલ છે.

**નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૨૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૫૯ લીટર દેશી દારૂ, ૦૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૯ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૪ બીયરટીન, ૦૩ સ્કુટર અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬,૬૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૨૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ હેઠળ ૩૨ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૫૨૮/૨૦૨૨**

**નારણપુરાઃ-** દેવેન્દ્રભાઇ બ્રિજમોહન શર્મા (ઉ.વ.૫૨)(રહે.લકી એપાર્ટમેંટ, શાસ્ત્રીનગર, નારણપુરા) એ તા.૨૨/૦૩/૨૦૨૨ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૨/૨૦૨૧ બપોરના ૨/૦૦ થી તા.૨૦/૦૨/૨૦૨૨ સાંજના ૫/૩૫ વાગ્યા દરમ્યાન અજાણ્યા મોબાઇલ નંબર ૯૭૫૯૫૭૦૨૮૧ ના ધારક જોરાવરસિંહ (જેના પુરા નામ-સરનામા ની ખબર નથી) એ ચા-કોફી નું મટીરીયલનુ પેમેન્ટ આપવાનુ જણાવી, દેવેન્દ્રભાઇના પત્નીના મોબાઇલ ફોન ઉપર જુદી-જુદી રકમના બારકોડ સ્ટીકર મોકલી આપી, તે બારકોડ સ્ટીકર સ્કેન કરતા પેમેન્ટ મળી જશે તેમ જણાવતા, દેવેન્દ્રભાઇએ બારકોડ સ્ટીકર સ્કેન કરતા આરોપી જોરાવરસિંહ એ દેવેન્દ્રભાઇના એસ.બી.આઇ. બેંકના ખાતામાંથી ઇન્ટરનેટ માધ્યમથી કુલ રૂપિયા ૪૮,૯૯૫/- ડેબીટ કરી લઇ દેવેન્દ્રભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.પી.રાવ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૫૨૯/૨૦૨૨**

**વટવા જી.આઇ.ડી.સી.:-** પીયુશભાઈ જેસિંગભાઈ પટેલ (ઉ.વ.૩૦) (રહે,નવી વસાહત રણછોડજી મંદીર પાસે જશોદાનગર) એ વટવા જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૩/૨૦૨૨ સવારના ૧૦/૩૦ થી સાંજના ૬/૦૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોનાની બુટ્ટી કિંમત રૂપિયા ૧૫,૦૦૦/-, સોનાનુ મંગળસુત્ર કિંમત રૂપિયા ૨૫,૦૦૦/-, ચાંદીના છ્ડા કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-, ચાંદીની ઝાંઝરી કિંમત રૂપિયા ૨,૦૦૦/-, સોનાની ચુની કિંમત રૂપિયા ૧,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એમ.રાઠોડ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૫૩૦/૨૦૨૨**

**શાહીબાગઃ-** હંસાબહેન વા/ઓ ઇશ્વરભાઇ પટણી (ઉ.વ.૫૫)(રહે.જયંતીલાલ ચુનીલાલની ચાલી, ચમનપુરા, અસારવા, શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૩/૨૦૨૨ રાતના ૯/૩૦ થી ૯/૪૫ વાગ્યા દરમ્યાન સુભાષબ્રીજ સર્કલ થી શાહીબાગ હોળીચકલા સર્કલ સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન ઓટોરીક્ષામાં પાછળ બેસેલ ત્રણ અજાણ્યા પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) એ ભેગામળી હંસાબહેનની નજર ચુકવી, હંસાબહેન પાસેની કાપડની થેલીની ચેઇન ખોલી રોકડ રૂપિયા ૫૪,૦૦૦/- ચોરી કરી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

**નારણપુરાઃ-** ભાવનાબહેન ડો/ઓ જોયતારામ ભાવસાર (ઉ.વ.૫૯)(રહે.નિલય એપાર્ટમેન્ટ ચાંદલોડીયા રેલવે સ્ટેશન પાસે, વાઘેશ્વરી ચાંદલોડીયા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૩/૨૦૨૨ ના કલાક ૧૨/૧૫ થી ૧૨/૨૦ વાગ્યા દરમ્યાન વિજયનગર પેટ્રોલપંપની સામે આવેલ ઇન્ડીયન બેંકની સામે રોડ ઉપર પાર્ક કરેલ ભાવનાબહેનની ફોર વ્હિલ ગાડીનો આગળની બાજુનો ખાલી સાઈડનો દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ ગાડીમાંથી રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- અને હેંડ વોચ કિંમત રૂપિયા ૫,૦૦૦/- તેમજ અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૭૫,૦૦૦/- ની મતા ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.જાડેજા ચલાવે છે.

**ચાંદખેડાઃ-** ભીખાભાઈ કચરાભાઈ પરમાર (ઉ.વ.૬૮)(રહે.પરમેશ્વર-૦૮, આરાધ્ય હોમ્સ પાસે, ન્યુ ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૩/૨૦૨૨ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે ચાંદખેડા અષ્ટક એલીગન્સ આગળ રોડ ઉપર એક હોન્ડા સેવીઝ ફોરવ્હીલ ગાડીમાં ડ્રાઈવરની બાજુમાં બેસેલ અજાણ્યા નાગા સાધુ તથા ડ્રાઈવરએ ભેગામળી ભીખાભાઇને અડાલજ તરફ જવાનો રસ્તો પુછી, તેમની સાથે હાથ મીલાવીને ભીખાભાઇની નજર ચુકવી તેમના જમણા હાથની આંગળીમાં પહેરેલ સોનાની સફેદ નંગવાળી વીંટી કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- ચોરી કરી લઇ લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

**કાગડાપીઠઃ-** રાયપુર બીગબજાર ખાતે મિરાજ સિનેમામાં ડયુટી મેનેજર તરીકે નોકરી કરતા જગદિશપ્રસાદ નાનુરામ માલવી (ઉ.વ.૩૧)(રહે,ગોવિંદધામ સોસાયટી, ખોખરા સર્કલ, ખોખરા) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૩/૨૦૨૨ ના કલાક ૨/૩૦ થી ૮/૩૦ વાગ્યા દરમ્યાન કાંકરીયા, બીગબજાર મોલ, મિરાજ સિનેમાની બિલ્ડીંગની પાછળ આવેલ દિવાલ ઉપર આવેલ લોખંડની છાજલી ઉપર થી કોઇ અજાણી વ્યક્તિ આશરે ૬૦ મીટર એ.સી. નાં કોપર વાયર આશરે કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- મતાના ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.પટેલ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૫૩૧/૨૦૨૨**

**દાણીલીમડાઃ-** દાણીલીમડા છીપા સોસાયટી ખાતે કારખાનામાં કામ કરતા બેબીબહેન રમેશભાઇ પાટીલ (ઉ.વ.૫૨) (રહે.શકિતનગર, શાહવાડી, નારોલ) નાઓ આશરે સાત દિવસ પહેલા છીપા સોસાયટી ખાતેના કારખાનામાં કામ કરતી વખતે માથામાં લોખંડનો ફર્મો વાગતા, માથામાં ગંભીર ઇજા થતા સારવાર અર્થે તેમને પ્રથમ એલ.જી.હોસ્પીટલ ખાતે અને ત્યારબાદ વધુ સારવાર માટે તા.૧૯/૦૩/૨૦૨૨ ના રોજ સીવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૧/૩/૨૦૨૨ રાતના ૯/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કલ્પેશકુમાર ભીમાજી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૩૨/૨૦૨૨**

**ઓઢવઃ-** દિપીકાબહેન વિશાલભાઇ વાઘેલા (રહે.આંબેડકર આવાસ યોજનાના મકાનમાં, તક્ષશીલા ચાર રસ્તા પાસે, ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૩/૨૨ ના કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે ગળેફાંસો ખાઇ લેતા સારવાર માટે તેમને શારદાબેન હોસ્પીટલ ખાતે લઈ જતા સારવાર દરમ્યાન તા.૨૧/૦૩/૨૨ ના કલાક ૮/૦૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પલાસ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.